THEOSOPHIC JYOTI (Gujarati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः तमसो मा ज्योतिर्गमय

આધ્યાત્મિક આંતરદૃષ્ટિ પ્રેરતું પોષતું અને પ્રફુલ્લાવતું સામાયિક

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshavadan M. Sheth

Year-6 March - 2021 No. 46

## અનુક્રમણિકા

1. એક વિરલ વ્યક્તિત્વ –
જ્યોફ્રી હોડસન (૧૮૮૬–૧૯૮૩) ................શ્રી હર્ષવદન શેઠ 3
2. ગિરિ–તળેટીથી ......................................શ્રી નરેશ એ. ત્રિવેદી 6
3. Declaration ........................................ 10
4. ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ ................શ્રી ધવલ શેઠ 11
5. મુક્તિનો મોકળો માર્ગ ...............................શ્રી કાન્તિભાઈ પટેલ 13
6. ચંદ્રિકા ગુંજન સ્મૃતિ ફાઉન્ડેશન .................... 15
7. ખોલી શકો દિલ દ્વાર તો ...........................શ્રી કનુપ્રસાદ પાઠક 'કમલ' 16
8. શાખા સમાચાર ....................................... 18
9. આપણો પુસ્તક પ્રેમ ................................. 20

Price : Rs. 5/- • Yearly Subscription : Rs. 50/- (In India) • Published & Printed at : Ahmedabad

આ માસિકમાં પ્રગટ થતી માત્ર અધિકૃત જાહેરાતો માટે જ ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. – તંત્રી

## થિયોસોફિકલ સોસાયટીના ત્રણ ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.

(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દ્રષ્ટિએ ઉત્તેજન આપવું.

(૩) કુદરતના નહિ સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાર્ટર્સ, “હોમી હાઉસ” ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.

### ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : **શ્રી નરેશભાઈ એ ત્રિવેદી** ઉપપ્રમુખ : **શ્રી કાન્તીલાલ પી. પટેલ**

મંત્રી : **શ્રી દર્શનભાઈ સી. મોદી** સહમંત્રી : **શ્રી વલ્લભભાઈ રાખોલીઆ**

ખજાનચી : **શ્રી રમેશચંદ્ર ડોલીઆ**

ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.

બુક સ્ટોલ મેનેજર

શ્રી પ્રવિણભાઈ માંડલિયા, ભાવનગર લોજ, મો. : ૯૪૨૬૧૬૪૫૫૭

“હોમી હાઉસ” ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર - ૩૬૪ ૦૦૧.

| | |
|---|---|
| નવા સભ્ય પ્રવેશ ફી | રૂ.૧૦૦/- |
| સભ્ય ફી | રૂ.૧૫૦/- |
| દંપતિ સભ્ય ફી | રૂ.૨૨૫/- |
| ૨૫ વર્ષથી ઓછી ઉંમરના સભ્ય ફી | રૂ.૭૫/- |
| લાઈફ મેમ્બર ફી | રૂ.૩૦૦૦/- |
| ઈન્ડિયન થિયોસોફીસ્ટ | રૂ.૩૦/- |
| થિયોસોફિક જ્યોતિ | રૂ.૧૦/- |

### ફેડરેશન મંત્રીનું સરનામું

ફેડરેશન અંગેનો કોઈપણ પત્રવ્યવહાર કરવા માટે

**શ્રી દર્શનભાઈ સી. મોદી**

એ/૯૦૪, ધરતી સાકેત હાઈટ્સ, શુકન ગ્લોરી સામે,
આનંદ સફાયર પાસે, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ – ૩૮૨ ૪૮૧
મો.નં. ૯૪૨૭૩ ૧૧૯૫૪

### થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)

અંગે પત્રવ્યવહાર
શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા
એ/૩૦૧, સનાઈ રેસીડન્સી, પરશુરામ ગાર્ડન સામે,
અડાજણ, સુરત-૩૯૫૦૦૯
મો : ૯૪૨૬૩ ૬૨૨૫૩
(રહે.) ૦૨૬૧-૨૭૪૬૭૨૨

### “થિયોસોફિક જ્યોતિ”ના લવાજમના દર

| | |
|---|---|
| ભારતમાં (વાર્ષિક) | રૂ.૫૦/- |
| ભારતમાં આજીવન (મર્યાદા ૧૦ વર્ષ) | રૂ.૧૦૦૦/- |

### “થિયોસોફિક જ્યોતિ” માટે જાહેરાતના દર

(એક વખત પ્રસિદ્ધ કરવા માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૬૦૦-૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૫૦૦-૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ.૩૦૦-૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ.૫૧-૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં **‘જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ’** એ નામે મનીઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફટથી તંત્રીશ્રીના સરનામે મોકલવા અથવા નીચે જણાવેલ બેન્ક એકાઉન્ટમાં જમા કરાવીને તંત્રીશ્રીને જાણ કરવી. જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર પણ નીચે જણાવેલ સરનામે કરવો :-

**શ્રી હર્ષવદન એમ. શેઠ**

‘શ્વેત પદ્મ’ ૯, અપૂર્વ બંગલોઝ,
શારદા હાઈસ્કુલ પાછળ, ભૂયંગદેવ પાસે, મેમનગર,
સોલા રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૨.
મો. – ૯૮૨૪૦૭૩૬૭૮, ૯૦૧૬૨૨૪૮૨૫
E-mail-harshavadan_sheth@yahoo.co.uk

**GTF Jyoti Prakashan Fund**


Central Bank of India
(Sardarnagar Area Branch, Bhavnagar, 01360)
A/c. No. 1871957084
IFSC : CBIN0281360

નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.

# એક વિરલ વ્યક્તિત્વ – જ્યોફ્રી હોડસન (૧૮૮૬–૧૯૮૩)

સંપાદકીય

પ્રસ્તુતિ
શ્રી હર્ષવદન શેઠ



માર્ચ મહિનામાં એક વિશેષ તત્વજ્ઞાની – થિયોસોફિસ્ટ ગૂઢ જ્ઞાની, રહસ્યવાદી તથા લીબરલ કેથોલીક પ્રીસ્ટની યાદ આવી રહી છે. આ વિરલ વ્યક્તિત્વ છે જ્યોફ્રી હોડસન ! તેમનો જન્મ માર્ચની ૧૨મીએ ૧૮૮૬ ની સાલમાં અમેરિકામાં લિંકનશાયરમાં થયો હતો. તેમનું મૃત્યુ ૨૩મી જાન્યુઆરી, ૧૯૮૩ ઓકલેન્ડ ન્યૂઝીલેન્ડમાં થયું. હોડસનનું શિક્ષણ ઈંગ્લેન્ડમાં થયું હતું. બે ભાઈઓ અને બે બહેનોમાં સૌથી મોટા જ્યોફ્રી હતા. તેમના કહેવા મુજબ જ્યારે તે લગભગ પાંચ કે છ વર્ષના હતાં ત્યારથી ગુપ્ત અનુભવોની શરૂઆત થઈ હતી. તેમને અર્ધ જાગૃત અવસ્થામાં સ્વપ્નોનો અનુભવ થતો હતો. જેને 'કુંડલીની', 'જીવનની શક્તિ' અને 'સર્પેટ ફાયર' તરીકે ઓળખાતી મહાન શક્તિઓમાંની એક સાથે જોડાયેલાં હોવાનું લાગતું હતું.

પ્રથમ વિશ્વયુદ્ધમાં બ્રિટીશ લશ્કરમાં એક ઉચ્ચ અધિકારી અને ટેન્ક કમાન્ડર તરીકે સેવા બજાવી. ત્યારબાદ તેમણે તેમના ઉપદેશો અને આંતરૂદૃષ્ટિ દ્વારા યુદ્ધ વિરોધી કાર્યકર તરીકે પોતાનું જીવન પસાર કર્યું. યુદ્ધ બાદ તેમણે મિસ જેન કાર્ટર સાથે લગ્ન કર્યા અને વાય.એમ.સી.એ. (YMCA) સચિવાલયમાં જોડાયાં.

આ સમય દરમિયાન તેઓ મેરી દી લા મીડલટનના સંપર્કમાં આવ્યા. મીડલટને ખાસ જણાવ્યું કે તેણીના ગુરુ માસ્ટર રેકોઝી છે અને તેમની સૂચના અનુસાર તે જ્યોફ્રી હોડસનને કેવી રીતે ચૈતસિક શક્તિઓ જાગૃત કરવી તે જણાવે, કેવી રીતે જુદા જુદા સ્તરો તરફ વહેતાં શક્તિના પ્રવાહોને સમજવાં અને યોગ્ય વાતાવરણમાં કઈ રીતે અન્ય પીડિત લોકોની સેવા કરવી તથા સારવાર કરવી. જ્યોફ્રી એક આજ્ઞાકારી શિષ્યની જેમ પોતાનો વિકાસ સાધતાં ગયાં.

આ સમય દરમિયાન જ્યોફ્રી તેમની પત્ની સાથે સાઈડકારવાળી મોટરસાયકલ પર લિંકનશાયર ગયાં. ત્યાં વિવિધ પ્રકારની 'પરીઓ' 'પ્રકૃતિના આત્માઓ' વિશે વિગતવાર નોંધો તૈયાર કરી. જ્યારે તેઓ શીપસ્કોમ્બેની ખીણમાં રજાઓ દરમિયાન હતાં ત્યારે તેમની પત્ની સાથે મળીને દૈવી રાજ્ય (Angelic Kingdom) નો અભ્યાસ કર્યો હોવાનો દાવો કર્યો.

હોડસને તેમની યુવાનીમાં ફિલસુફીનો અભ્યાસ કર્યો. તેમને સાહજિકતાથી લાગ્યું કે એક પૂર્ણત્વ પામેલાં – પૂર્ણ પુરુષોનું સીક્રેટ બ્રધરહુડ છે. ૧૯૧૨ માં થિયોસોફિકલ સોસાયટીમાં મહેમાન વક્તા તરીકે ડૉ. એની બેસન્ટને સાંભળ્યા. ડૉ. બેસન્ટના પ્રવચનનું શીર્ષક હતું 'ધ ગ્રેટ વ્હાઈટ બ્રધરહુડ'. હોડસને જોયું કે ડૉ. બેસન્ટની આભા બિલ્ડીંગની દિવાલોથી આગળ ચમકતી હતી, વિશ્વમાં અદ્‌ભૂત રંગોથી ફરતી હતી. તે તરત જ થિયોસોફિકલ સોસાયટીની માન્ચેસ્ટર શાખામાં જોડાયાં. ત્યારબાદ થોડા સમય પછી તેમને તેના વ્યાખ્યાતા તરીકેની નિમણૂંક પણ પ્રાપ્ત થઈ.

૧૯૧૭માં લશ્કરમાં ટેન્ક કમાન્ડર તરીકે જોડાયા બાદ તેમને ફ્રાન્સ અને બેલ્જિયમ મોકલવામાં આવ્યાં. આ દરમિયાન તેમને ઘણાં આધ્યાત્મિક અનુભવો થતાં ગયાં. તેમની અલૌકિક ક્ષમતામાં વધારો થતો ગયો. આવો જ એક અનુભવ છે જેણે સંભવતઃ તેમનું જીવન બચાવેલ જે નીચે મુજબ છે.

---

**જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાને અમેરિકાની કંપનીમાં જોબ મળ્યાની ખુશી નિમિત્તે**
**સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત**

'હું ઝડપથી શેરીમાં ચાલતો હતો, ત્યારે એક વિશાળ શેલ (તોપનો ગોળો) આવ્યો. તેણે જાણે કે સીધું જ મને લક્ષ્યમાં રાખ્યું હોય એવું લાગ્યું. મારા ખભાના ભાગે પુષ્કળ દબાણ વધ્યું. મને જમીન પર સીધા જ ચત્તાપાટ પડી જવું પડ્યું. મારી પાછળ થોડાક જ વારના અંતરે ગોળો જમીન પર પડેલો અને તેની પ્રચંડ વિસ્ફોટક તાકાત મારા ઉપરથી પસાર થઈ ગઈ.'

મિત્રરાષ્ટ્રોની યુદ્ધમાં સફળતા બાદ લેફ્ટનેન્ટ હોડસન અને તેમના ટેન્ક સાથીદારોને તેઓની બહાદૂરી બદલ ફીલ્ડ માર્શલ હેગ સમક્ષ પ્રસ્તુત કરવામાં આવ્યા. લેફ્ટ. હોડસનને 'મીલીટરી ક્રોસ'ના બહુમાન માટે પસંદ કરાયા. તે વખતે તેમની ઉંમર ૨૬ વર્ષની હતી. તેમણે આ વિગત તેમની વ્યક્તિગત ડાયરી 'લાઈટ ઓફ ધ સેન્ક્ચુઅરી – ધ ઓકલ્ટ ડાયરી ઓફ જ્યોફ્રી હોડસન'માં વર્ણવી છે. તેમને આરામ કરવા માટે મોટરસાયકલની સાઈડકાર મારફતે લઈ જવામાં આવેલાં. પલંગ પર આરામ કરતી વખતે જે અનુભવ થયો તેનું વર્ણન કરતાં જણાવે છે કે...

"હું સંપૂર્ણપણે સભાનાવસ્થામાં અનુભવતો હતો કે હું જીવનમુક્ત મહાત્માઓની નિશ્રામાં હતો. જે મહાત્માઓમાં એક મહાન મહાત્મા માસ્ટર કૂથુહુમી હતા. હું ત્યાં સંપૂર્ણ ધ્યાનસ્થ અવસ્થામાં કેટલોક સમય રહ્યો."

જ્યારે શિપ્સ્કોમ્બેની ખીણમાં રજા ગાળતાં હતાં ત્યારે તેમની પત્નીએ દેવદૂત સામ્રાજ્યનો અભ્યાસ કર્યો. તેને ખૂબ જ ઉચ્ચ પ્રકારે વિકસીત દેવદૂત પાસેથી ઉપદેશો પ્રાપ્ત થયાં.

"અચાનક રીતે, કોઈ પણ જાતના પ્રયાસ કર્યા વગર મેં મારી ચેતનામાં થતાં વિસ્તારને અનુભવ્યું. એવું લાગતું હતું કે સમગ્ર સ્વર્ગલોકના દ્વાર ખુલી ગયાં હતાં. સર્વત્ર પ્રકાશ હતો. હું એટલી બધી ઊંચાઈએ હતો જે અંગે મેં ક્યારેય પણ કલ્પના કરી ન હતી. બધું જ પ્રકાશમાન હતું. એવો પ્રકાશ હતો જેનો અનુભવ ક્યારેય પણ સમુદ્ર પર કે જમીન પર થઈ ન શકે. હું દૈવી જગતના અસ્તિત્વ વચ્ચે હતો... હું એક મહાન દેવદૂતની હાજરીથી વાકેફ હતો. તેમની અને મારી ચેતનાનાં વિસ્તારમાં જીવન અંગેના વિચારોનો પ્રવાહ શરૂ થયો, વૈશ્વિક ચેતનાની હાજરી છતી થઈ. દૈવી શક્તિઓ અને માનવજીવન એમ બંનેના સત્યોની ઝાંખી થવા લાગી. તે દેવદૂત જાજરમાન ભવ્ય, દૈવી, અત્યંત સક્રિય અને સંપૂર્ણ નૈતિક હતો."

બાદમાં જ્યોફ્રી હોડસને આમાંની ઘણીયે બાબતો થિયો. સોસા.ના પ્રમુખ ડો. એની બેસન્ટને મોકલી અને તે અંગે શું કરવું તેની સલાહ માંગી. ૧૯૨૭ માં તેઓ ડો. બેસન્ટને મળ્યા. ડો. બેસન્ટે જણાવ્યું, "મી. હોડસન, આ એવી જ બાબત છે જે અંગે અમે અપેક્ષાઓ રાખીએ જ છીએ. નવા આવનાર યુગની નિશાનીઓ સ્વરૂપે આ બધી બાબતો છે."

મી. જ્યોફ્રીએ પૂછ્યું, "ડો. બેસન્ટ, આનો અર્થ એવો કે શું મારે 'ધ બ્રધરહુડ ઓફ એન્જલ્સ એન્ડ મેન' અંગે કાર્ય કરતી સંસ્થા સ્થાપવા માટેની જાહેરાત કરવી જોઈએ ?"

"હું તેની ચકાસણી કરી લઈશ." ડો. બેસન્ટે જણાવ્યું. થોડીક ક્ષણો માટે બંને વચ્ચે શાંતિ છવાઈ. છેવટે ડો. બેસન્ટ બોલ્યા, "હા. તમે આગળ વધો હું તમને ટેકો આપીશ અને જો તમારી ઈચ્છા હશે તો હું તમારા પ્રથમ પુસ્તકની પ્રસ્તાવના લખવામાં વિશેષ આનંદિત થઈશ."

ડો. બેસન્ટે 'ધ બ્રધરહુડ ઓફ એન્જલ્સ એન્ડ મેન' પુસ્તકની પ્રસ્તાવના લખી. આમુખમાં નીચે મુજબ લખાણ છે :

"મને આ પુસ્તકને અવિશ્વાસુ, શંકાશીલ તથા વહેમી વિશ્વમાં રજૂ કરવાનું કહેવામાં આવ્યું છે અને એક એવી દુનિયા જેમાં દરેક ધર્મ, દરેક શાસ્ત્ર એન્જલ્સના અસ્તિત્વની હકીકત પસંગોપાત માનવો વચ્ચે આવીને રજૂ કરે છે. તેઓને કોઈ પણ નામ, એન્જલ્સ, પ્રકૃતિ–આત્માઓ (નેચર–સ્પીરીટ્સ) દૈવી તત્વો દ્વારા ઓળખવામાં આવે છે. ઉચ્ચ કક્ષાનાં તત્વોને એન્જલ્સ

સ્વ. પૂર્ણિમાબેન સી. સોનીના અપ્રતીમ સ્મરણાર્થે
સૌજન્ય : શ્રી છબીલદાસ કે. સોની (સી. કે. સોની), શ્રીરામ લોજ, હિમ્મતનગર

અથવા દેવ કહેવામાં આવે છે. નીમ્નકક્ષાએ પરીઓ, એલીમેન્ટલ્સ ગણવામાં આવે છે.''

''ઉત્ક્રાંતિના તબક્કામાં આપણે કુદરતી સત્તાના અધિન છીએ. વળી કુદરતના દરેક માળખામાં ધીરે ધીરે તે શક્તિઓની સર્વ પર અસર વર્તાઈ રહી છે. બંને પોતાના લાભ માટે કાર્યક્ષમ છે. કુદરતી દૈવી શક્તિઓ અને મનુષ્ય જાત વચ્ચે આવો સહકાર અનિવાર્ય છે. આ સહકાર માટે ખાસ કરીને વિધિ–વિધાનોની આવશ્યકતા ઊભી થયેલી છે જેને ધર્મ દ્વારા અભિભૂત કરવામાં આવે છે.''

''મી. જ્યોફ્રી હોડસને જે કાર્ય કર્યુ છે તે વિષયમાં મેં વધુ ખેડાણ કર્યું નથી. છતાંયે તેમના નિરીક્ષણોમાં હિન્દુ ધર્મશાસ્ત્રોમાં પ્રાપ્ત થતી ઘણી તત્વજ્ઞાન તથા દૈવી શક્તિઓની વિગતો તેમના પ્રવાસો દરમિયાન જે અનુભૂતિઓ થઈ છે તેમાં જણાઈ આવે છે. ઉદાહરણ તરીકે હંગેરીમાં પૃથ્વી તત્વો સાથે નાતો રાખનારા ઘણાં 'નેચર સ્પીરીટ્સ' અત્યંત પ્રવૃત્તિશીલ જણાતાં માલૂમ પડ્યાં છે. વિચિત્ર નાના જીવો, યથાર્થ સ્વરૂપ તથા આકારનાં, ભારતના કુબેર દેવના ભવ્ય યજમાનોથી સંપૂર્ણપણે જુદાં લાગતાં હતાં. આ પુસ્તક એન્જલ્સ દ્વારા તેમના સુધી પહોંચવાની રીતોના સૂચનો અને પરસ્પર સહકારની બાબતમાં વિશેષ રૂચિપૂર્ણ છે.''

મી. હોડસન ઈન્ટરનેશનલ કો-ફ્રીમેસન્રી તથા તેની ઉચ્ચ શાખાઓના મેમ્બર પણ હતા. લીબરલ કેથોલીક ચર્ચના પાદરી તરીકેની જવાબદારીઓ પણ સંભાળતાં હતાં. તેમના દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાના પ્રવાસોની વિગતો ઘણી જ રસપ્રદ તેમજ પ્રેરણાદાયી છે. ન્યૂઝીલેન્ડમાં જવા માટે ૧૯૪૦માં આમંત્રણ મળેલું. તથા ન્યૂઝીલેન્ડ વેજીટેરીયન સોસાયટીની સ્થાપના કરી અને તેના પ્રથમ સ્થાપક પ્રમુખ બન્યા. વળી ન્યૂઝીલેન્ડમાં એનીમલ વેલફેર ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ તરીકે પણ ચૂંટાયા.

ભારતમાં અડ્યારમાં જ્યારે એન. શ્રીરામ પ્રમુખ સ્થાને હતાં ત્યારે તેમણે 'સ્કૂલ ઓફ વિઝડમ'ના ડાયરેક્ટરની જવાબદારી સંભાળવા આમંત્રિત કર્યા. જ્યોફ્રીએ વર્ષ ૧૯૫૩-૫૪, ૧૯૫૪-૫૫ અને ફરીથી ૧૯૬૧માં તે જવાબદારી સંભાળી. થિયોસોફિકલ સાહિત્યમાં તેમના આગવા પ્રદાનને કારણે હોડસનને ટી. સુબ્બારાવ ગોલ્ડ મેડલથી નવાજવામાં આવેલા.

આવાં વિરલ વ્યક્તિત્વવાળા જ્યોફ્રી હોડસનને યાદ કરીને તથા તેમના અમૂલ્ય પુસ્તકોનાં વાંચન દ્વારા કોઈપણ થિયોસોફિસ્ટ અધ્યાત્મવિદ્યાના નવા શિખરો પ્રાપ્ત કરી જ શકે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

• • •

(ધી હિડન સાઈડ... પાના-૧૨ ઉપરથી ચાલુ)

આસપાસની અસરોથી પરેશાન થતો નથી અને તે સાથે જ તે બીજા લોકોને સારી રીતે અસર કરવા માટે શક્તિમાન પણ બને છે.

સૌ પ્રથમ તો તેણે મૃત વ્યક્તિ વિશે વિચારવું જોઈએ (કે જે પોતે પણ અંતિમ વિધિની આ પ્રક્રિયામાં હાજર હશે). તેનો વિચાર મૃત વ્યક્તિ તરફ મજબૂત, મિત્રતાની લાગણીવાળો તેમજ શાંતિ અને વિકાસની દૃઢતાવાળો હોવો જોઈએ. પાછળ રહી ગયેલાં અને દુઃખી થતાં લોકો તરફનો તેનો અભિગમ પણ હકારાત્મકતાથી ભરેલો હોવો જોઈએ. તેનાં મજબુત વિચારો દુઃખી થનારાઓનાં દિમાગ પર એ અસર ઉત્પન્ન કરી શકે છે કે તેમણે મૃત્યુ પામેલાં વ્યક્તિ માટે વિષાદ કરવાની જરૂર નથી., તેઓ જેને મૃત ગણી રહ્યાં છે તે વાસ્તવમાં મૃત નથી, તે તો જીવીત છે. તેમનો વિષાદ જે-તે વ્યક્તિની નવી પરિસ્થિતિમાં અડચણરૂપ બનશે. તેણે માનસિક રીતે જે-તે મૃત વ્યક્તિનાં પરિવારજનોને વિષાદની પરિસ્થિતિમાંથી બહાર નીકાળવાનો પ્રયત્ન કરવો જોઈએ. (ક્રમશઃ)

(મો. : ૯૮૯૮૦૯૪૨૫૧૫)

**સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખ્તાવાલાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખ્તાવાલા, રેવા લોજ, વડોદરા**

# ગિરિ-તળેટીથી

પ્રસ્તુતિ
શ્રી નરેશ એ. ત્રિવેદી
ગુ. થિ. ફે. પ્રમુખ

આપણે ગયા અંકમાં જોયું કે જગતમાં જે વ્યક્તિઓને પરમ સત્ય કે બ્રહ્મની અનુભૂતિ થાય છે અને પછી સમષ્ટીના કલ્યાણ અર્થે પોતાને લાધેલ જ્ઞાન જગત સમક્ષ રજૂ કરે છે તેઓને આપણે સંત, મહાત્મા, સિદ્ધ કે અવતારી પુરુષ તરીકે જાણીએ છીએ. આવા અવતારી પુરુષોએ લોકોના કલ્યાણને ધ્યાનમાં રાખી વ્યવહારિક જીવનમાં સૌને તેનો લાભ મળે માત્ર તેવી શુભ ભાવનાથી જે ઉપદેશ કે બોધ આપ્યો તે લાંબા સમયે ધર્મ કહેવાયો. આમ તો ધર્મ એટલે ધારણ કરવું, બીજો અર્થ ધર્મ એટલે કર્તવ્ય; એટલે કે જીવાત્માની સાચી ઓળખ મેળવવા જીવન જીવવાની સાચી નીતિ-રીતિ સમજાવે તે ધર્મ. તેથી જો આવા અવતારી જનોએ ચીંધેલા પથ પર ચાલીએ તો જીવનમાં આધ્યાત્મિક વિકાસ થાય અને આપણે પણ પરમ સત્યનો અહેસાસ અનુભવી શકીએ અને ભવેભવના બંધન એટલે કે જીવન-મરણના ફેરા રૂપી બંધનમાંથી મુક્તિનો આનંદ મેળવી શકીએ.

પરંતુ ઘણીવાર આપણને પ્રશ્ન થાય છે કે જેને આપણે ઈશ્વરના અવતાર માનીએ છીએ, એવી જુદી જુદી વ્યક્તિઓ જુદા જુદા ધર્મોની સ્થાપના શા માટે કરે છે ? જો પરમ સત્ય એક જ હોય અને તે એક જ આધ્યાત્મિક ધ્યેય પ્રાપ્ત કરવા માટે જુદા જુદા રસ્તા શા માટે બતાવે છે ? આમ કરવાથી તો ઘણા ગુંચવાડા ઊભા થાય છે.

જો કે આવી મુંઝવણ થાય તે સ્વાભાવિક છે, પરંતુ જો આપણે શાંત ચિત્તે વિચારીએ, મનમાં કોઈ જાતના બદ્ધમત રાખ્યા સિવાય, માત્ર ખુલ્લા મનથી કોઈ જાતના પૂર્વગ્રહ કે પક્ષપાત રાખ્યા સિવાય વિચારીએ તો સમજાશે કે જેમણે જીવનની સ્પષ્ટતા કે આત્મજ્ઞાન કે પરમ સત્ય પ્રાપ્ત કરેલ છે તેમને જ સંત કે અવતાર કહીએ છીએ કે માનીએ છીએ. તેમની આવી સિદ્ધિ, જો એને એક સિદ્ધિ કહેવાય તો, તેમણે એક સાચી સમજણ વિકસાવી છે, તેનું પરિણામ છે. જ્ઞાન કે વાસ્તવિકતાને ઢાંકનારા કારણો આપણે પોતે જ ઊભા કરીએ છીએ. એટલે એ બરોબર સમજવા આપણા પોતાના મનમાં શું શું ચાલે છે તેનું નીરીક્ષણ અને સંપૂર્ણ અભ્યાસ કરવો જોઈએ.

આપણે એક વાત સમજવા કોશિશ કરીએ તો સમજાશે કે સર્વમાં વ્યાપ્ત દિવ્યતા વિશે લોકોને જાગ્રત કરવા, મનમાં રહેલ રાગ-દ્વેષની ગ્રંથીઓ છેદી, પરસ્પરના સંબંધો પ્રેમ, કરુણા અને સંવેદના સભર બનાવવા અને એ રીતે જીવન માધુર્યનો આનંદ સર્વ લોકોને પ્રાપ્ત થાય અને જીવનનું પરમ સત્ય સૌને સમજાવવા પોતે જ તે રીતે આચરણ કરી, બીજાને તે પથદર્શક બને તે માટે જે બોધ કે ઉપદેશ આપ્યો તે સમય જતાં ધર્મ કહેવાયો. ધર્મ એટલે એક અર્થમાં કર્તવ્ય પણ થાય, જે કાર્ય રાજસત્તા કાયદાથી કરાવી ના શકે તે જ કામ લોકો ધાર્મિક માન્યતાને કારણે કરે તેવું સર્વ સામાન્ય માનસ હોવાથી, જેને લોકોએ અવતારી પુરુષ માન્યા હોય, તેમના દ્વારા અપાયેલ જીવનલક્ષી બોધને ધર્મ માનવામાં આવ્યો. આવા ઉપદેશનો ગહન અભ્યાસ કરી, તે મુજબ આચરણ કરનારા અનુયાયીઓ દ્વારા ધાર્મિક સંસ્થાઓ અસ્તિત્વમાં આવી. આવી સંસ્થા એ અંતિમ લક્ષ્ય સુધી લઈ જવાનું સાધન હતી, પરમ સત્યની શોધ કરવાનું સાધન હતી, અંતિમ લક્ષ્ય નહોતી. પરંતુ કાળક્રમે આવા અનુયાયીઓએ ધાર્મિક સંગઠનો ઊભા કરી, આ ભૂમિકાનો અને જવાબદારીઓએ ધાર્મિક સંગઠનો ઊભા કરી, આ ભૂમિકાનો અને જવાબદારીનો વિશ્વાસઘાત કર્યો. ધાર્મિક સંગઠનોએ પ્રેરકબળ બનવાને બદલે વાડાઓ અને સંપ્રદાયો ઊભા કર્યા. માનવ જાતિને ભ્રાતૃત્વની ભાવનાથી એક કરવા એને સત્ય અને વાસ્તવિકતા તરફ પ્રેરણા આપવાને બદલે

**સૌજન્ય : શ્રીમતી સુશિલાબેન હરિવદન છીંકણીવાળા તથા પ્રો. શ્રી હરિવદન છીંકણીવાળા**

ધાર્મિક વાડા ઊભા કરી માનવ સમાજને વિભાજિત કરી અનેક ગુંચવાડા ઊભા કર્યા, તેમાં મૂળ ઉપદેશકનો, સંતોનો કે અવતારી પુરુષનો કોઈ દોષ નથી, પણ તે માટે જવાબદાર જો કોઈ હોય તો આપણે પોતે જ છીએ. સાચી હકીકત તો એ છે કે કોઈ વ્યક્તિ, પુસ્તક કે નિયમો આધારીત જીવન વ્યવસ્થામાં વર્ણવેલી પરાધીનતા અને ભોળી શ્રદ્ધા જેવી નબળાઈઓ દૂર કરવાનો એનો મૂળ ઉદ્દેશ હતો.

સંતોને પ્રાપ્ત સાચી સમજણ કે આત્મજ્ઞાન અપવાદરૂપ થોડાક કિસ્સાઓમાં પોતાની મેળે પૂર્વના સંસ્કારોને કારણે અકસ્માત ઊગી આવે છે. બાકી મોટાભાગના કિસ્સાઓમાં તો આવી સાચી સમજણ (પ્રજ્ઞા) એ સત્યને પામવા માટેની નિખાલસ શોધનું અને તે દિશામાં કરેલ ભગીરથ સાધનાનું જ પરિણામ હોય છે. લગભગ બધા જ કિસ્સાઓમાં અનુભવો અને નિર્ણયો એક સરખા જ હોય છે, પછી રસ્તાઓ અને રીતો ભલે જુદી હોય. વ્યક્તિગત રીતો એટલા માટે જુદી જુદી હોય છે કે દરેકને સંજોગો, વાતાવરણ, સામાજિક વ્યવસ્થા અને બીજા ઘણા જુદા જુદા કારણો હોય છે. એટલે સમજણ પ્રાપ્ત કરવાનો પ્રશ્ન જ મહત્ત્વનો છે, તેની રીત કે તેનો અભિગમ નહિ. કમનસીબે રીત કે અભિગમને મૂળ પ્રશ્ન કરતાં વધુ મહત્ત્વ અપાતું જોવા મળે છે અને તેથી જ ગોટાળા કે ગુંચવણો ઊભી થાય છે. અવતારી પુરૂષોનો બોધ અને તેના આધારરૂપ સિદ્ધાંતો લગભગ એક જ હોય છે. પરંતુ તેમના અનુયાયીઓ જેઓ હજી રાગ-દ્વેષથી મુક્ત થયા હોતા નથી. જેઓ હજી પૂર્ણ જ્ઞાન પામ્યા હોતા નથી અને ક્યારેક તો પોતાના અંગત સ્વાર્થ અને અહંમને કારણે પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા તેઓ રીતને અને અનુષ્ઠાનોને એટલે કે માન્યતાઓના આધારે કર્મકાંડને જ વધારે મહત્ત્વ આપે છે. આ લોકો જ આવી ગેરસમજણો અને ગુંચવણો ઊભી કરે છે. તેથી તેઓ જ આ માટે જવાબદાર છે. આમ કરીને તેઓ મૂળ હેતુને ભૂલાવી, આવી રીત-રસમના આવરણથી ઢાંકી દે છે. મૂળ સ્થાપકો કે સંતોને તો ખ્યાલ પણ ન હોય કે તેમના અનુયાયીઓ આવી ઔપચારિક રીત-રસમને જ મહત્ત્વ આપી મૂળ વાતને ભૂલાવી દેશે.

સત્ય એક જ છે. વાત પણ એ જ છે. આમ છતાં દુનિયામાં ધર્મો અનેક છે. કારણ કે આ દુનિયામાં બુધ્ધુઓની-અજ્ઞાનીઓની ભીડ છે. એ ભીડને કારણે સત્ય એક જ હોવા છતાં ધર્મો અનેક થયાં.

સમય, સ્થળ, વ્યક્તિત્વ ભિન્નતા, માર્ગ ભિન્નતાને કારણે અનુભૂતિ એક હોવા છતાં અભિવ્યક્તિ બદલાય છે. આ અભિવ્યક્તિ ભિન્નતાને ઓળખવાની ક્ષમતા દરેક પાસે નથી હોતી. પ્રબુદ્ધોની અનુભૂતિ એક જ છે, કારણ કે જેની અનુભૂતિ થાય છે તે એક જ છે.

કૃષ્ણ સંસ્કૃતમાં બોલ્યા, બુદ્ધ પાલીમાં બોલ્યા, ઈશુ યહુદી ભાષામાં બોલ્યા, મહમદ પયગંબર અરબીમાં બોલ્યા. આમ ભાષા ભિન્નતા છે. પાંચ હજાર વર્ષ પહેલા જે પ્રતિકો હતા, તે પ્રતિકો અત્યારે અપ્રસ્તુત છે. જેમ કે કોઈ તીવ્ર ગતિએ જતો હોય, તો આપણે કહીશું જેટ ગતિએ જાય છે. કૃષ્ણ કે બુદ્ધ જેટ ગતિ શબ્દ ન વાપરી શકે. કારણ કે ત્યારે જેટ શબ્દ જ અસ્તિત્વમાં નહોતો. આમ સમય, સ્થળ બદલાતા ભાષા અને પ્રતિકો ઈંગિતો પણ બદલાય છે. આ બદલાયેલ ભાષા, પ્રતિકો અને ઈંગિતોને સમજવાની ક્ષમતા જેની પાસે નથી, તેને આપણે અજ્ઞાની કહીએ છીએ અને આવા અજ્ઞાનીઓ ધર્મના ભાષ્યકાર બની જાય છે અને ભીડ તેને અનુસરે છે.

બુદ્ધ અભિજાત પરિવારના છે, તેથી તેમની ભાષા સુસંસ્કૃત છે. ઈશુ સુથાર પરિવારના છે, તેથી ઈશુની ભાષા બુદ્ધની ભાષા નહીં હોય, પયગંબર કબીલાના માણસ છે, સતત પરિભ્રમણ કરનારની ભાષા છે, એ પર્યાવરણની હશે, કબીર વળકર છે, તેથી ઝીણી ઝીણી ચાદર વણી છે. જેવી ને તેવી ચાદર ધરું છું, મેલી થવા દીધી નથી. આ કબીરના શબ્દો મન્સુર પાસે કેવી રીતે

ૐ નિવા ઇચ્છા અંબુ શ્રીમતિ સુલોચનાબેન ગોવિંદભાઈ અં. મોદીના ૐ શ્રી રાધેકૃષ્ણ એકૈશ
સૌજન્ય : જયેશ, રૂપલ, કિશન, શ્રેયા, યશ (U.S.A.), મનીષ, નૈના, સૃષ્ટિ, અનુશ્રી શાહ પરિવાર, અમદાવાદ લોજ

આવે ? બુદ્ધ, મહાવીર, લાઓત્સે, કૃષ્ણમૂર્તિ અંતરમુખી વ્યક્તિત્વ ધરાવનાર, જ્યારે ઈશુ, પયગંબર બહિર્મુખી વ્યક્તિત્વ ધરાવનાર. બંને અલગ પ્રકારના વ્યક્તિત્વ. તેમનામાં અભિવ્યક્તિની સમાનતા કેવી રીતે હોય શકે ? ચિત્રકારને અનુભૂતિ થશે તો ચિત્ર દોરીને અભિવ્યક્ત કરશે. કોઈ સંગીતજ્ઞને અનુભૂતિ થશે તો વીણાના તારને ઝંકૃત કરીને કે બીજા કોઈ વાજિંત્ર વગાડીને અભિવ્યક્ત કરશે. શિલ્પીને અનુભૂતિ થશે તો સુંદર મૂર્તિ બનાવીને અનુભૂતિને અભિવ્યક્ત કરશે. કોઈ નૃત્યકાર નૃત્ય દ્વારા અભિવ્યક્ત કરશે તો જો કવિને અનુભૂતિ થશે તો કવિતા દ્વારા તેની અભિવ્યક્તિ થશે.

આમ અનુભૂતિ સૌને એક જ છે. અભિવ્યક્તિ સંપૂર્ણપણે અલગ અલગ છે. કેટલીક વખત એવું પણ બને કે અભિવ્યક્તિ અલગ જ નહિ વિરોધી પણ હશે. એક કહે આત્મા નથી, એક કહે આત્મા અને પરમાત્મા બંને નથી. એક કહે આત્મા એ જ પરમાત્મા છે. એક કહે છે પરમાત્મા સિવાય બીજું કશું જ નથી. અભિવ્યક્તિમાં આટલી ભિન્નતા હોવા છતાં બધાની વાત એક જ છે. એક પૂર્ણતાની વાત કહે છે તો એક શૂન્યતાની વાત કરે છે. અંતે તો બંને એક જ અનુભૂતિની વાત કરે છે, પરંતુ અજ્ઞાનીઓ આ વાત સમજતા નથી. આ ઐક્યને જાણી શકતા નથી. ભિન્નતાને ભિન્ન ભિન્ન માની નવી વાડાબંધી ઊભી કરે છે. કારણ કે આવા માણસોને ધર્મ કે પરમાત્મા સાથે સંબંધ ઓછો હોય છે, પોતાના સ્વાર્થ અને સંબંધ વધારે હોય છે.

પરમ સત્ય એક અદ્વિતીય છે, અનંત છે. અનંત એટલે અનેક નહિ પણ આદિ અને અંત વિનાનું. આ પરમ સત્યની અનુભૂતિ શક્ય છે પણ એ અનુભૂતિને શબ્દો દ્વારા પ્રગટ કરવી અશક્ય છે. એક તો સત્યની અનુભૂતિ કઠીન છે અને અનુભૂતિને પ્રગટ કરવી અશક્ય છે. પણ એનો અર્થ એ નથી કે એના તરફ ઈશારો પણ ના કરી શકાય. અનુભૂતિ અનુભવેલ પ્રત્યેક મહાત્માઓએ કરુણા ભાવથી ઈશારો કર્યો છે, પણ ઈશારો એ અનુભૂતિ નથી. અનુભૂતિ એ પારિભાષિક શબ્દ છે, જ્યાં માત્ર અનુભૂતિ (અનુભવ નહિ) બચે, અનુભોક્તા વિલીન થયેલ હોય, એવી શુદ્ધ ચેતનાને કહેવામાં આવે છે. જ્યાં અનુભોક્તા જ નથી, ત્યાં અનુભવ કોણ કહેશે ? મન નથી, બુદ્ધિ નથી, અહંકાર નથી, કોઈ જ્ઞાનેન્દ્રિયો કે કર્મેન્દ્રિયો નથી. માત્ર નિરભ્ર આકાશ છે. આકાશમાં રહેલ વાદળા વિલીન થયેલ છે. તેથી પરમ સત્ય શબ્દનો વિષય નથી. શબ્દ તો માત્ર ઈશારો જ છે.

આ વિરાટ સંસાર જ પરમાત્માનો બગીચો છે એ વિરાટ સંસારના કણ કણમાં રહેલી જે ઊર્જા છે, એ જ પરમાત્મા છે. આ પરમાત્માને કોઈ સત્ય કહે છે, કોઈ શૂન્ય કહે છે, કોઈ પૂર્ણ કહે છે, કોઈ મુક્તિ કહે છે, કોઈ નિર્વાણ કહે છે, કોઈ કૈવલ્ય કહે છે, કોઈ સ્વર્ગ કહે છે તો કોઈ એને ઈશ્વરનું રાજ્ય પણ કહે છે. આપણે જે નામ આપવું હોય તે આપીએ પણ, અંતિમ તત્વ એક અને માત્ર એક જ છે. જે લોકોએ એની અનુભૂતિ કરી છે તેઓએ અનેક અનેક રીતે કરી છે. તેથી અનુભૂતિ એક જ હોવા છતાં અભિવ્યક્તિ અનેક સ્વરૂપે થઈ છે.

કોઈ ગુલાબનું ફૂલ છે, તો કોઈ મોગરાનું, કોઈ ચંપા કે કમળનું ફૂલ છે. ફૂલ, ફૂલ જ છે. વિકસીને સુગંધ પ્રસરાવીને સાર્થક થયેલ છે. એ સુગંધ કોઈ વ્યક્તિ કે સમૂહ માટે પ્રસરાવી છે એવું નથી. સુગંધ પ્રસરાવવી એ એનો સ્વભાવ છે, એ એનું હોવું છે, કરવું નથી. જો આપણે કલ્પના કરીએ કે આ ફૂલો જો નિર્જન વનમાં ખિલ્યાં હોય, તો એને નામ કોણ આપત ? એની તુલના કોણ કરત ? એનું વિભાગીકરણ કોણ કરત ? કે તેની ઉપયોગીતાની ચર્ચા કોણ કરત ?

આપણે અસ્તિત્વથી વિખૂટા પડેલા અંશો, આપણા અહંકારને પોષવા કયા ફૂલ સુંદર અને શ્રેષ્ઠ છે, કયા ફૂલની સુગંધ બીજા ફૂલ કરતાં વધારે છે તેની ચર્ચા કરીએ છીએ. આપણે પાગલ છીએ કે એ ફૂલોની તુલના અને શ્રેષ્ઠતાનો દાવો કરીએ છીએ. પણ ફૂલોએ એકબીજાથી શ્રેષ્ઠતાનો દાવો કે તુલના ક્યારેય કરી નથી.

સંસાર એ પરમાત્માનો બગીચો છે. જો તેમા માત્ર કોઈ એક જાતનું ફૂલ હોય તો એ બગીચો જ કેમ કહેવાય ? તો એ અમુક ફૂલોનું ખેતર કહેવાય. પરમાત્માનો

બગીચો તો ખૂબ જ સમૃદ્ધ છે. એમાં અનેક પ્રકારના ફૂલો ખીલ્યા છે. ક્યારેક રામના નામે, ક્યારેક કૃષ્ણના નામે, ક્યારેક મહાવીરના નામે, ક્યારેક બુદ્ધનાં નામે, ક્યારેક જરથોસ્તના નામે, તો ક્યારેક મહંમદના નામે, ક્યારેક કબીરના નામે, ક્યારેક મીરાં કે નરસિંહના નામે, ક્યારેક એચ.પી. બ્લેવેટ્સ્કીના નામે તો ક્યારેક ઓલકોટ સાહેબ કે ડો. એની બેસન્ટના નામે, ક્યારેક મન્સુરના નામે, સોક્રેટિસના નામે કે વાલ્મિકી અને વ્યાસના નામે અનેક અનેક નામે, જેમાંના કેટલાકના નામ આપણે જાણીએ છીએ અને કેટલાંકના નામને પણ આપણે જાણતા નથી. દરેક ફૂલોએ ખીલીને પોતાની સુગંધ સમસ્ત માનવ સમાજના કલ્યાણ અર્થે પ્રસરાવી છે. દરેક ફૂલની સુગંધ જુદી જુદી હોવા છતાં અંતે તો એ સુગંધ જ છે અને એ સુગંધ એક વિરાટ બગીચાની માટીમાંથી ઉગેલા ફૂલોની છે.

આજ રીતે એક સત્યની અનુભૂતિ જુદી જુદી વ્યક્તિ દ્વારા જ્યારે શબ્દો દ્વારા અભિવ્યક્ત કરવામાં આવે ત્યારે જુદાઈની ભ્રમણા થાય છે પણ તેમાનો નિષ્કર્ષ તો એક જ હોય છે. તેથી તો કહેવાય છે કે **एकं सद् विप्राः बहुधा वदन्ति** અહિં વિપ્ર એટલે પ્રજ્ઞાવાન કે પ્રબુદ્ધો એક જ સત્યને અલગ અલગ રીતે વ્યક્ત કરે છે. પરંતુ આપણે પૂરું સમજી શકતા ન હોવાને કારણે, જેમ અખો કહે છે તેમ "કહ્યું કાંઈને સમજ્યા કશું, આંખનું કાજલ ગાલે ઘસ્યું" શબ્દોને જ કે ભાષાને જ પકડી જુદા જુદા વાડા અને સંપ્રદાયો ઊભા કર્યા છે અને પછી આપણે જ તેમાં કેદ થઈએ છીએ. જેને આપણે ઈશ્વરના અવતાર કે સંદેશવાહક કહીએ છીએ તેવી જુદી જુદી વ્યક્તિઓ સૃષ્ટિના જુદા જુદા સ્થળે, ત્યાંના જુદા સંજોગોને ધ્યાનમાં રાખી તેમજ ત્યાંના લોકોના માનસ તથા તેમના આધ્યાત્મિક વિકાસની જરૂરિયાત ધ્યાનમાં રાખી જુદા જુદા ધર્મોની સ્થાપના કરેલ છે, પરંતુ દરેકનો બોધ તો એક લક્ષ્ય એટલે કે લોકોમાં રહેલી દિવ્યતાનો અહેસાસ કરાવવાનો હોય છે.

ધર્મ ગ્રંથમાં એક વાર્તા છે. એકવાર દેવ, દાનવ અને માનવ ત્રણેય બ્રહ્માજી પાસે જાય છે અને વંદન કરી કાંઈ ઉપદેશ આપવા વિનંતી કરી. બ્રહ્માજીએ પ્રસન્ન થઈ આશિર્વાદ આપતાં 'દ' કહ્યું. ત્રણેયે 'દ' નો અર્થ પોતપોતાની સમજ પ્રમાણે કર્યો. માનવ એમ સમજ્યો કે આપણે ખૂબ લોભી છીએ અને ન જરૂરિયાત હોય તો પણ સંગ્રહ કરીએ છીએ. તેથી આપણને દાન કરવાનો ઉપદેશ આપ્યો છે. દેવ એમ સમજ્યા કે આપણે ખૂબ વિલાસી જીવન જીવીએ છીએ તેથી દમન કરવાનો, સંયમ રાખવાનો બોધ આપ્યો જ્યારે દાનવે એવો અર્થ કર્યો કે આપણે ખૂબ ક્રોધી અને ક્રુર સ્વભાવના છીએ તેથી બ્રહ્માજીએ દયા રાખવા કહ્યું. આમ એક જ ઉપદેશનો સૌ જુદો જુદો અર્થ કરે છે. તેમ અવતારી પુરુષો કે સંતો એક જ સત્ય પ્રગટ કરે છે, પણ અભિવ્યક્તિ જુદી જુદી થવાથી આપણે જુદુ સમજી બેસીએ છીએ. દરેક ધર્મનો ઉદ્દેશ તો માનવજીવન ઉત્કૃષ્ટ બને, સૌનો વિકાસ થાય, સૌ એક જ પ્રભુના સંતાનો પ્રેમ અને ભ્રાતૃત્વની ભાવનાથી કરુણાસભર જીવન જીવી રાગ-દ્વેષથી મુક્ત રહે એ જ છે.

આવા મહાન સંતો કે ગુરુઓ કેવા હોય તેવો વિચાર સહેજે આવે તો જેને આત્મજ્ઞાન લાધ્યું હોય તેવા ગુરુ કે સંતોનો પરમાત્મા કોઈ એક આકાર કે કોઈ એક સ્થાન વિશેષમાં કેદ થયેલો નહીં હોય. એનો પરમાત્મા સર્વ વ્યાપક હશે. આવા ગુરુ કોઈ મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા, ચર્ચ કે આશ્રમમાં કે ગુફામાં કેદ નહિ હોય, એ સંસારથી અલગ કે સંસારથી ભાગીને જંગલમાં કે પર્વતની કોઈ ટેકરીએ ગયેલો નહીં હોય અને ગયા હશે તો પણ અંતરશુદ્ધિ કરીને સંસાર વચ્ચે આવીને એક યોદ્ધાની જેમ પોતાનું કાર્ય નિષ્કામ ભાવે, જગતના ઉદ્ધાર માટે કરતા રહેશે. આવા ગુરુઓ જેટલો બ્રાહ્મણમાં પરમાત્મા જોઈ શકશે, એટલો જ અસ્પૃશ્યમાં પરમાત્માને જોશે. એ જેટલો પુરુષમાં પરમાત્મા જોશે એટલો જ સ્ત્રીમાં પણ પરમાત્મા જોશે. જેટલો ધનકુબેરમાં પરમાત્માના દર્શન કરશે એટલો જ એ દરિદ્રનારાયણમાં પણ દર્શન કરશે. એ પરમ સત્યની પ્રાપ્તિ માટે શરીરને દમિત નહીં કરે, તેમજ નૈવેદ્યને નામે વાસનાઓને પોષતા નહીં હોય. દમન કરીને ઈન્દ્રિયો સાથે અમાનવિય અને હિંસક વ્યવહાર નહીં કરતા હોય. એ સદાય સજગ હશે, જાગ્રત હશે, સતત હોશમાં હશે. એક પણ નાનકડો વ્યવહાર મૂર્છિત

થઈને નહીં કરે. એ સાક્ષીભાવે ઊઠતા ભાવો, મસ્તિકમાં ઉઠતા વિચારો અને હાથથી થતાં કર્મોને સાક્ષીભાવે જોતાં હશે. એ સુખ અને દુઃખ વચ્ચે, અનુકૂળતા અને પ્રતિકૂળતા વચ્ચે છત અને અછત વચ્ચે, ગમા અને અણગમા વચ્ચે સમતુલા જાળવીને સ્થિર રહેશે. એને પ્રલોભનો અને લાલચ ડગાવી શકતા નથી. પોતે જ્યાં છે ત્યાં જ પરમાત્માને જોઈ શકશે. પરમાત્મા શોધવા કાશી, કાબા કે જેરુસલેમ જવું નહીં પડે. એ કોઈ કેદખાનામાં પુરાયેલા નહીં હોય. એ વિશ્વનાગરિક હશે. આ સંત દ્વારા સત્ય પ્રકાશિત થતું હોય છે. એઓ વિશ્વનો વૈભવ અને શોભા છે. આવા ગુરુ કોઈપણ હોઈ શકે. સન્યાસી પણ હોઈ શકે અને ગૃહસ્થ પણ હોઈ શકે. સ્ત્રી પણ હોઈ શકે અને પુરુષ પણ હોઈ શકે. હિન્દુ પણ હોઈ શકે અને મુસ્લિમ, પારસી, અંગ્રેજ, ચીની કે હબસી પણ હોઈ શકે. આસ્તિક કે નાસ્તિક પણ હોઈ શકે. અહીં ધર્મના, ભાષાના, જાતિના, પ્રદેશના કે બીજા ભેદભાવ પેદા કરતા વાડાઓ ઓગળી જાય છે. રહે છે માત્ર માનવતા ભર્યા પ્રેમનો અહેસાસ કરાવતો ભ્રાતૃભાવ; જેને થિયોસોફિકલ સોસાયટીના આદ્યસ્થાપકોએ અને તેમની પછીના સોસાયટીના નેતાઓએ જીવનમાં ઉતારી સતત જાગૃત રહી વિશ્વમાં ભ્રાતૃત્વની ભાવનાનો પ્રસાર કરવા રાત-દિવસ ભગીરથ કાર્ય કરતા રહે છે. આપણે સૌ પણ ખરા દિલથી આપણી આળસ, જો હોય તો, ખંખેરી આ માટે કાર્ય કરીને ગુરુદેવના કાર્યમાં આપણાથી શક્ય પ્રયત્ન કરી તેમનો અંશ બનવા પાત્ર થઈએ. અસ્તુ...!

મો. : ૯૮૭૯૦૬૫૨૦૦

## DECLARATION

**Statement about ownership and other particulars**

**[Under Section-5 Act. No. 25 og 1857) (See Rule 3)]**

| | | |
|---|---|---|
| **(1)** | **Place of Publication** | : Gujarat Theosophical Federation<br>9, Apurva Bungalows, B/h. Sharda School,<br>Bhuyangdev, Sola Road,<br>Memnagar, Ahmedabad-380052 |
| **(2)** | **Periodicity of its Publication** | : Monthly |
| **(3)** | **Printer's Name & Address** | : Naishadh Printers<br>145, Opp. Municipal School, Naranpura<br>Village, Naranpura, Ahmedabad-380013 |
| **(4)** | **Publisher's Name** | : Harshavadan Mohanlal Sheth |
| **(5)** | **Editor's Name** | : Harshavadan Mohanlal Sheth |
| | **(Whether citizen of India)** | : Yes |
| | **If foreigner, State the Country of Origin)** | : X |
| **(6)** | **Owner's Name** | : **Gujarat Theosophical Federation** |

I, **Harshavadan Mohanlal Sheth,** hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

**Date : 1 March, 2021**

**Harshavadan M. Sheth**
Signature of Publisher

# ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ

વસ્તુઓની ગૂઢબાજુ

સી.ડબ્લ્યુ.લેડબીટરના પુસ્તક પર આધારિત

પ્રસ્તુતિ
શ્રી ધવલ શેઠ
રોહિત લૉજ

*ગતાંકથી આગળ...*

**લોકોની માન્યતાઓનું સારું પાસું**

વિચારશક્તિનો ઉપયોગ સારા તેમજ ખરાબ કાર્ય માટે થઈ શકે છે. ઘણી બાબતોમાં લોકોનાં વિચારોનો પ્રભાવ સાચી તેમજ યોગ્ય બાબતો તરફ ઝૂકેલો હોય છે. આખરે કોઈપણ સમાજનાં વિચારો તે સમાજનાં મોટાભાગનાં લોકો શું વિચારે છે તેના પર આધારીત હોય છે. વિચારધારાનો પ્રભાવ જ કોઈપણ સમાજ કે સંસ્કૃતિને ટકાવી રાખે છે. જો આવું ન હોત તો જે-તે સમાજમાં લોકો બળવાન વ્યક્તિની દયાભાવના પર જ જીવતાં હોત. પરંતુ ગૂઢ વિદ્યાનો અભ્યાસુ પોતાની જાતને મોટાભાગનાં લોકોથી ઉપર ઉઠાવે છે અને તેના માટે તે પોતે પોતાના માટે વિચારતા શીખે છે. બીજાનાં તૈયાર અભિપ્રાયોને ચકાસ્યા વગર ક્યારેય સ્વીકારતો નથી.

ઈંગ્લેન્ડમાં આપણે આપણી નૈતિકતાને આપણાં ધર્મ સાથે જોડી દઈએ છીએ, જ્યારે હકીકત એ છે કે આ બંને વચ્ચે સાચું જોડાણ ખૂબ જ ઓછું હોય છે. એ માનવું જ રહ્યું કે કોઈ પણ યુરોપીયન દેશનાં મોટાભાગનાં સુસંસ્કૃત લોકોમાં ધર્મ પ્રત્યે સાચી શ્રદ્ધા હોય. કદાચ તેઓ અમુક ધાર્મિક માન્યતાઓને માની લેતા હશે. કેમ કે તેમનો તેમણે કદી વિચાર કરેલો જ નહીં હોય, પરંતુ એ માનવું ભૂલ ભરેલું છે કે તેમનું કોઈપણ કાર્ય ધાર્મિક બાબતોથી પ્રેરીત હોય અથવા તે બાબત તેમનાં જીવનમાં મોટો ભાગ ભજવતી હોય.

છતાંય તેઓ સન્માનની ભાવનાથી ખૂબ જ પ્રભાવિત થતાં હોય છે. આ પ્રભાવ સારા અર્થમાં હોય છે. તેને બહારથી જોઈ શકાતો નથી. કોઈપણ જાતિનાં ઉમદા મનુષ્યની પોતાની સન્માનની એક સંહિતા હોય છે. કેમ કે તે ઉમદા છે તેથી અમુક વસ્તુઓ તે નહીં જ કરે. આવી ન કરવા જેવી વસ્તુઓ કરવાથી તે પોતાની નજરમાં જ ઉતરી જશે. તેનું પોતાનું આત્મસન્માન ઘવાશે. ન કરવા જેવું કાર્ય કરવા માટે તે ક્યારેય લલચાતો પણ નથી. આવાં ન કરવા જેવાં કર્મોમાં જૂઠું ન બોલવું, સ્વાર્થ ન કરવો, સ્ત્રીનું અપમાન ન કરવું વગેરે જેવાં કર્મોનો સમાવેશ થાય છે. સમાજનાં આવાં ધારાધોરણોનું દબાણ સારું છે અને તેને પ્રોત્સાહન મળવું જ જોઈએ. આપણી શાળા અને કોલેજોમાં પણ આ રીતની પ્રથા મહદ્અંશે જોવા મળે છે. જો કોઈ વિદ્યાર્થી ખોટું કાર્ય કરવા માટે લલચાય છે તો તે પોતાની જાતને કહે છે કે, “જો હું આ કાર્ય કરીશ, તો મારી શાળાનું સ્તર ઘટી જશે, એવું ક્યારેય નહીં કહેવાય કે આ શાળાનાં વિદ્યાર્થીઓ આવું કાર્ય કરી જ ન શકે.” સમાજનાં ધારાધોરણોનાં પોતાના સારા-નરસાં પરિણામો હોય છે. આપણે હંમેશા આપણી વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો જ રહ્યો.

બીજી ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે સમાજનાં દૃષ્ટિકોણને ધીમે ધીમે બદલી શકાય છે. આપણે સમાજનાં સદસ્ય છીએ અને કુદરતનાં સર્વવ્યાપક નિયમ મુજબ આપણો દૃષ્ટિકોણ બીજાઓને અસર કરતો હોય છે. થિયોસોફિકલ સોસાયટીનાં ખંતપૂર્વકનાં કાર્યને લીધે જે વિષયની અહીંયા છણાવટ થઈ રહેલી છે તેનાં ઉપર છેલ્લી એક સદીથી દુનિયાનાં દૃષ્ટિકોણમાં ઘણાં ફેરફારો આવેલાં છે. આટલાં વર્ષોમાં

**સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સૂરત**

આપણે સતત આવાં પ્રશ્નો પર સતત બોલતાં, લખતાં અને તેથી પણ વધુ સમજદારીથી અને તર્કસંગત રીતે વિચારતાં રહ્યાં છીએ. આવું કરવાથી તેને લગતાં તરંગો આપણે બહાર ફેંકતા રહ્યાં છીએ અને તેની અસર એ છે કે આપણાં સમયનાં દુનિયાનાં વિચારોમાં મોટો બદલાવ આવેલો છે. કુદરતનાં નિયમોને યોગ્ય રીતે સમજવાથી જ આપણે તેની શક્તિઓનો યોગ્ય ઉપયોગ કરી શકીશું.

## પ્રાસંગિક ઘટનાઓની આપણા પર થતી અસરો

### અંતિમ સંસ્કાર

આપણી આસપાસની સજીવ સૃષ્ટિની આપણા પર સતત અસર થતી હોય છે. પરંતુ આ અસર સતત હોવાથી આપણે તેના વિષે અજાણ હોઈએ છીએ. ઘણીવાર પ્રાસંગિક ઘટનાઓની પણ આપણા પર અસર થતી હોય છે અને તેની પણ ઘણી છૂટી બાબતો હોય છે. દા.ત., કોઈ અવસાન પામેલાની અંતિમ વિધિ, રાજકીય મેળાવડો, શરીર પર થયેલી કોઈ શસ્ત્રક્રિયા, સાંભળેલું કોઈ પ્રવચન, પડોશમાં થતી કોઈ ધાર્મિક પૂજાવિધિ, કોઈ તહેવારની ઉજવણી કે યુદ્ધ, ભૂકંપ કે બીજી કોઈ કુદરતી હોનારત વગેરે.

સૌથી પહેલાં આપણે સમજીએ કે કોઈ અવસાન પામેલાંની અંતિમવિધિની જીવતા મનુષ્ય પર શું અસર થાય છે ? અહીં આપણે અંતિમવિધિની મૃત્યુ પામેલાં વ્યક્તિ પર શું અસર થાય છે તેની ચર્ચા નથી કરવાની. વિષય પણ ખૂબ જ રસપ્રદ છે. આધ્યાત્મિક દૃષ્ટિકોણવાળો મનુષ્ય મૃત્યુ બાદ તેનાં શરીરનું શું થાય છે તેની જરાય પણ ચિંતા કરતો નથી. તેના માટે તેનું શરીર એ માત્ર ઘસાઈ ગયેલાં જૂનાં કપડાં જેવું છે, પરંતુ દુનિયામાં એવાં ઘણાં મનુષ્યો છે કે જે આવી આધ્યાત્મિક દૃષ્ટિકોણવાળાં નથી હોતા. તેમના માટે આ બાબત ખૂબ જ મહત્ત્વની હોય છે.

પ્રાચીન ગ્રીક લોકોમાં એવી માન્યતા હતી કે જ્યારે મનુષ્ય મૃત્યુ પામે ત્યારે તેને સારું દફનસ્થાન મળવું જોઈએ. જો તેને તે ન મળે તો મૃત્યુ પછીનો તેનો રસ્તો મુશ્કેલ બની જાય છે. પ્રાચીન ગ્રીકનાં લોકોની મોટાભાગની ભૂતોની વાર્તાઓ કે દંતકથાઓ એવાં લોકો સાથે જોડાયેલી હતી કે જેઓ પોતાનાં શરીરની યોગ્ય દફનવિધિ કરાવવા માટે મૃત્યુ બાદ પણ ભટકતાં રહ્યા હોય.

આધુનિક આઈરિશ સમાજનાં ગરીબ વર્ગોમાં પણ આવી જ માન્યતાઓ હાલ પણ પ્રવર્તમાન છે. તેઓને મૃત્યુ બાદ આત્માની પ્રગતિની કે તેના વિકાસની ચિંતા નથી હોતી પરંતુ તેઓ એ બાબતે ચિંતીત હોય છે કે તેમની અંતિમ વિધિમાં અમુક સંખ્યાથી ઓછાં લોકો તો ન જ હોવા જોઈએ અથવા તો મૃતદેહ માટેની શબપેટી જે-તે વ્યક્તિ કરતાં ઉતરતી તો ન જ હોવી જોઈએ.

આ એક વિષયાંતર છે અને અંતિમવિધિની પાછળ રહે ગયેલાં લોકો પર શું અસર થાય છે તે જોવી જોઈએ, નહીં કે મૃત્યુ પામેલાં વ્યક્તિ પર ! (જો કે અંતિમવિધિમાં મૃત્યુ પામેલી વ્યક્તિ પણ હાજર હોય છે અને તે પોતાની અંતિમ વિધિની પ્રક્રિયાને પોતાના સ્વભાવ અને વિકાસ પ્રમાણે અલગ અલગ દૃષ્ટિકોણથી જોઈ શકે છે.)

રહસ્યવાદનાં વિદ્યાર્થીએ જો શક્ય હોય તો આવી અંતિમવિધિમાં ન જવું જોઈએ પરંતુ ઘણીવાર તેના માટે આ શક્ય બનતું નથી હોતું. આવા પ્રસંગો તેણે પોતાની ઈચ્છાશક્તિનો ઉપયોગ કરવો જોઈએ અને દૃઢ તેમજ હકારાત્મક અભિગમ રાખવો જોઈએ કે જેથી કરીને તે

*(અનુસંધાન પાન-૦૫ ઉપર)*

**સૌજન્ય : સ્વ. નિર્મળાબેન જી. સોનેજીના સ્મરણાર્થે !**
**સ્વ. શ્રી ઘનશ્યામભાઈ જે. સોનેજીના સ્મરણાર્થે, અમદાવાદ લોજ**

*પ્રસ્તુતિ*
શ્રી કાન્તિભાઈ પટેલ
ઉપ-પ્રમુખ : ગુજ. થિયો. ફેડ.

# મુક્તિનો મોકળો માર્ગ

આપણે જાણીએ કે જે લોકો જીવતાં થકી કામ, ક્રોધાદિ ભાવોને બ્રહ્મ સ્વરૂપ ગુરુના આશ્રયથી સહન કરીને પણ વિચલિત થતા નથી તે જ સુખી રહી શકે છે. તે જ શૃંખલામાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને ઉપદેશ આપતા ભગવાનનું સુખ પ્રાપ્ત કરવાની ચાવી દર્શાવે છે. એટલે કે બંધનથી મુક્તિનો માર્ગ સૂચવે છે.

તળાવમાં ડૂબકી મારનાર વ્યક્તિ ભીના થયા વિના જ બહાર આવે તેની સંભાવના કેટલી ? અગ્નિમાં હાથ નાંખનાર વ્યક્તિને ગરમ ન લાગે તેની સંભાવના કેટલી ? નહિવત્ ! એટલે કે શૂન્ય જ ! તેમજ આ દુનિયામાં દુન્વયી દુઃખોમાં પણ જળકમળવત્ નિર્લેપ રહી શકે તે અસંભવ છે. પરંતુ તે અસંભવને સંભવ કરવાનો ઉપદેશ આપતાં શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે "જે વ્યક્તિ પોતાના બ્રહ્મરૂપ આત્મામાં રહેલા પરમાત્મામાં જ સુખ માને છે તેનો જ વિશ્રભ કરે છે. તેવો બ્રહ્મરૂપ ભક્ત જ ભગવાનના સુખને પામે છે. જે વ્યક્તિ નિઃસંચય પ્રત્યક્ષ પરમાત્મામાં જોડાયેલો અને સર્વ જીવોના હિત પરાયણ જીવન જીવે છે તે ઋષિ પરમ ગતિને પ્રાપ્ત કરે છે. જે વ્યક્તિ કામના અને ક્રોધથી રહિત છે તે મોક્ષ પ્રાપ્ત કરે છે."

આમ શ્રીકૃષ્ણ અર્જુનને પરમ ગતિ પ્રાપ્ત કરવાના ત્રણ સોપાન દર્શાવે છે. જેમાં <u>પ્રથમ સોપાન :</u> "પરમાત્માનો આશય",

એક સંન્યાસી ગુરુ થઈને પૂજાતા હતા - તેમની પાંચ સોના મહોર હતી. તે ઉપદેશમાં જ્ઞાન વૈરાગ્યની ખૂબ જ વાતો કરતાં પરંતુ શિષ્યો તેનું માને નહીં તેથી તે દુઃખી થતાં; તે કહેતાં "પાંચ સોના મહોર જ રાખવી બીજું કશું રાખવું નહીં." આ શિષ્યને ખબર હતી કે ગુરુ પાસે પાંચ સોના મહોર છે. એક દિવસ સવારે ગુરુ સ્નાન માટે ગયા ત્યારે એ શિષ્યએ પાંચ સોના મહોરમાંથી ત્રણ મહોરો નદીમાં ફેંકી દીધી. ગુરુએ આવીને જોયું તો માત્ર બે સોના મહોર જ હતી. તે દિવસે ઉપદેશમાં કહ્યું કે "માત્ર બે જ સોના મહોર રાખવી, બીજું કંઈ રાખવું નહીં."

બીજે દિવસે શિષ્યે અન્ય બે સોના મહોર પણ નદીમાં પધરાવી દીધી. ગુરુએ જોયું તો એક પણ સોના મહોર ન મળે. તેથી તે દિવસે ઉપદેશમાં કહ્યું કે "કંઈ જ પાસે ન રાખવું ફક્ત ભગવાનને જ રાખવા. બીજા કશામાં સુખ ન માનવું".

આમ જો ભગવાનમાં સુખ મનાય તો જ સાચું સુખ પ્રાપ્ત થાય અને આનંદની અનુભૂતિ થાય છે."

<u>દ્વિતીય સોપાન :</u> "સર્વનું હિત કરવું."

આ લોકમાં પરોપકાર સૌ કોઈ કરે પણ સર્વત્ર સ્વાર્થની ગંધ જ અનુભવાય છે. પિતા પુત્રનું હિત કરે કારણ કે પુત્ર મોટો થઈ રૂપિયા કમાશે, તે મને મળશે અને પુત્ર પિતાનું હિત કરે, કારણ કે પિતાની મિલકત મને મળશે. પરંતુ નિઃસ્વાર્થ હિત કરવાની ભાવના હોય તો જ સાચો આનંદ માણી શકાય છે. એનું સર્વશ્રેષ્ઠ ઉદાહરણ "બીજાના ભલામાં આપણું ભલું" એ જીવનસૂત્ર સાથે જીવન વ્યતીત કરનાર સંત વિભૂતિ હતા 'પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ' ! તેઓને એકવાર પૂછવામાં આવેલું 'તમને કેવો વિચાર કદી

**સ્વર્ગસ્થ સવિતાબેન ડાહ્યાલાલ પંડ્યાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી ઉમેશભાઈ ડાહ્યાલાલ પંડ્યા, હરજીવન (આશ્રમ) લોજ, કડોલી**

આવ્યો જ નથી ?' ત્યારે ક્ષણમાત્રના વિલંબ વિના ઉચ્ચાર્યું કે 'બીજાનું અહિત કરવાનો વિચાર કદી આવ્યો જ નથી' – આમ શ્રીમદ્ ભાગવત્‌ના પણ આવા સંતોના લક્ષણો પોકારે છે.

ત્રીજું સોપાન : 'કામ ક્રોધની મુક્તિ'

ક્રોધ માટે કહેવાયું છે કે "ઊંઘણશીનું આયખું પામરની પલટાઈ, ગરજવાન ગુસ્સો કરે તે ત્રણ એલેખે જાય".

આમ જો ગુસ્સો કરે તે સુખ પ્રાપ્ત ન જ કરી શકે એ નિશ્ચિત છે. માટે કહેવાય છે કે "થોડો પણ ક્રોધ અતિશય દુઃખદાયી છે." પરંતુ ક્રોધ મુક્તિ માટે ગુરુ પાસે જઈને એમની શરણાગતિ સ્વીકારે તો તેઓની કૃપાથી જ કામ ક્રોધાદિ દોષો ટળે છે અને ભગવાનનાં સુખનો અનુભવ કરી શકાય છે.

આ ત્રણેય સોપાનના ગીતાના શ્લોકોમાં આપણને સમગ્ર સાધનાનો સાર સમજાવે છે કે ભગવાનની શરણાગતિ પામીને ખાલી બેસી રહેવાનું નથી, પરંતુ પોતાના દોષો ટાળીને અન્ય જીવો પર દયા કરવામાં આયખું વાપરવું. આમ ભગવાન શ્રીકૃષ્ણએ દર્શાવેલ ઉપાયને અજમાવીએ તો બંધનમાંથી મુક્તિ તરફનો માર્ગ મોકળો થાય છે. તો આવો, આપણે પણ બંધનથી મુક્તિ તરફના માર્ગ તરફ પ્રયાણ કરીએ અને અખંડ આનંદ પ્રાપ્ત કરીએ. ...અસ્તુ!

(મો. : ૯૩૭૪૯૯૮૮૬૦)

## અભિનંદન



સનાતન લોજ, સૂરતના સભ્યશ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા, ઇન્ડિયન સેક્શન દ્વારા વર્ષ ૨૦૨૧ માટે ફરી એકવાર 'રાષ્ટ્રીય વ્યાખ્યાતા' તરીકે પસંદ થયા છે. ગુજ. થિયો. ફેડ.ના સૌ સભ્યો તેમનું અભિવાદન કરે છે અને શુભેચ્છાઓ પાઠવે છે.

શ્રી નરસિંહભાઈએ જાન્યુઆરીની ૧૪મીએ વિક્રમ લોજ, ઉજ્જૈન દ્વારા આયોજીત જાહેર વ્યાખ્યાનમાં 'રીટેન્શન એન્ડ ડેડીકેશન' (અવરોધ અને સમર્પણ) વિષે સાંજે ૬ થી ૭ દરમિયાન ઈ-મીટીંગમાં પ્રવચન આવ્યું. ૩૦મીએ દિલ્હી થિયો. ફેડ.ની શંકર લોજ દ્વારા આયોજીત ઈ-મીટીંગમાં 'ભગવદ્ ગીતામેં પરમાત્મા કી પ્રાપ્તિ કા સરલ બોધ' વિષે સાંજે ૫ થી ૬ દરમિયાન પ્રવચન આપ્યું. ૧૪મી ફેબ્રુઆરીએ સવારે ૧૦ વાગે ઇંડિયન સેક્શન દ્વારા આયોજીત ઈ-મીટીંગમાં 'બી રેડીઅન્ટ વીથ યોર ડિવાઈન પ્રેઝન્સ' (તમારી દૈવી હાજરીથી દૈદિપ્યમાન બનો) વિષે પ્રવચન આપ્યું.

સ્વ. મંજુલાબેન મનસુખભાઈ મિસ્ત્રીના સ્મરણાર્થે
સૌજન્ય : શ્રી મનસુખભાઈ ગોરધનદાસ મિસ્ત્રી, અમદાવાદ લોજ

# ચંદ્રિકા ગુંજન સ્મૃતિ ફાઉન્ડેશન

'ચંદ્રિકાસદન' ફ્લેટ નં. ૫૯૨, બ્લોક નં. ૫૦,
સરગમ એપાર્ટમેન્ટ, ઓફ સોલા રોડ ('નોર્થ'), નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩.
(મો) ૭૫૬૭૧૪૪૬૩૨, ૮૧૨૮૮૨૭૬૩૫

સુજ્ઞ આત્મબંધુઓ તેમજ આત્મભાગીનીઓને આપ સૌના એક સહભાગી આત્મબંધુ વિજયકુમાર જગદીશચંદ્ર ભટ્ટના શતશત કોટી સાષ્ટાંગ પ્રણામ.

મહાત્માઓની પરમેચ્છાઓ થકી તા. ૭મી ડિસેમ્બર, ૨૦૨૦ ના રોજ મધ્યાન સમયે ચંદ્રિકાબેન વિજયકુમાર જગદીશચંદ્ર ભટ્ટ (ડિપ્લોમા નં. ૯૭૨૮૧ ગાંધીનગર લોજ) પંચમહાભુતમાં વિલીન થયેલ છે. તેણીની સદાય કાળ સ્મૃતિઅર્થે તેણીના નિવાસ સ્થાનનું "ચંદ્રિકાસદન" નામાભિધાન કરવામાં આવેલ છે.

અમારા ૪૧ વર્ષના સહજીવન દરમિયાન તેણીએ એકાવન બાળા-બાળકોને ઉછેરીને તેઓની માતાઓને નોકરી/વ્યવસાય અર્થે આત્મ-નિર્ભર થવામાં સતત સહાય કરેલ છે. આ કામ અર્થે તેણીએ રાત-દિવસ જોયા સિવાય સતત બાળ ઉછેરને સેવાકાર્ય ધર્મ તરીકે સ્વીકારેલ. બાવનમી બાળા ગુંજન તારીખ ૧લી ફેબ્રુઆરી, ૨૦૨૧ ના રોજ આઠમાં વર્ષમાં પ્રવેશેલ છે. ગુંજનને ઉછેરનાર પંચ મહાભુતમાં વિલીન થયાનું ગુંજનની સમજણમાં આવેલ જ નથી.

ચંદ્રિકા અને ગુંજન "બા અને બાળા"ની સ્મૃતિઅર્થે "ચંદ્રિકા ગુંજન સ્મૃતિ ફાઉન્ડેશન" કાર્યરત કરવામાં આવેલ છે.

## ચંદ્રિકા ગુંજન સ્મૃતિ ફાઉન્ડેશન

હેતુ-ઉદ્દેશ :

- પ્રજા, ધર્મ, જાતિ, જ્ઞાતિ, વર્ણ, રંગના ભેદભાવ સદાયકાળ અવગણીને નારી જાતિના અભ્યુદય અર્થે કાર્યરત રહેવું.
- વ્યક્તિગત નારીના તેમજ નારી સમુહોના યથા પ્રસંગ પ્રશ્નો યોગ્ય સક્ષમ માધ્યમ/માધ્યમો સમક્ષ રજૂ કરીને તેના નિરાકરણ અર્થે સમુચિત કરવું તેમજ કરાવવું.
- અબાલવૃદ્ધ નારી/નારીઓમાં રહેલ સુષુપ્તશક્તિઓને ઉજાગર કરવી.
- યથા પ્રસંગ નારી/નારીઓ આત્મનિર્ભર બને તે અર્થે સમુચિત કાર્ય કરવા તેમજ કરાવવા યથા પ્રસંગે યોગદાન આપવું.

આ સંસ્થાને આપ સૌના કામ ચલાઉ તેમજ કાયમી સહયોગની અપેક્ષાઓ હોય જ તે સ્વાભાવીક જ છે. કામ ચલાઉ સહયોગ થનારે સ્પષ્ટ જણાવવાનું રહેશે કે, કામચલાઉ સહયોગી થનાર છે. (જા × ખ)

**સ્વ. શ્રીમતિ નિર્મળાબેન નંદલાલ ચાવડાની સ્મૃતિમાં...**
**સૌજન્ય : શ્રી નંદલાલ એસ. ચાવડા, ગ્રામ સેવા લોજ, કોંજલી**

*પ્રસ્તુતિ*

'કમલ'
*રેવા લોજ, વડોદરા*

## ખોલી શકો દિલ દ્વાર તો

મનમાં રમે વિચાર તે મનમાં શમી જશે
ખોલી શકો દિલ દ્વાર તો વૈશ્વિક બની જશે.

સંકોચથી શું જીવવું આનંદ ના મળે
નિષ્ફળ જશે મોંઘુ જીવન પળ પણ સરી જશે.

આ હૃદયને વિશ્વ પણ ના અલગ કહો
ઈશ્વર વસે બંને સ્થળે અંતર હસી જશે.

નૌકા ભલે મઝધારમાં છો ને કિનારો દૂર
ટંડેલ જો દ્રઢ નિશ્ચયી સાગર તરી જશે.

સારા વિચાર મનના સૌમાં ભરી જુઓ
જે તે ક્ષણે જે વાપરે શીખર ચઢી જશે.

તું કરે ઉદ્ગાર કે ઉદ્ધારનો હકદાર હું
ભૂલી જજે આ વાત તું નિષ્ફળ રહી જશે.

કનુપ્રસાદ પાઠક 'કમલ'
(રેવા લોજ, વડોદરા) (મો. : ૯૬૦૧૬૧૨૫૯૧)

---

## શ્રદ્ધાંજલિ

અમદાવાદ લોજના સભ્યશ્રી ગિરીશભાઈ મધુસૂદનભાઈ ભાવસારનું તા. ૮.૨.૨૦૨૧ને સોમવારે દુઃખદ અવસાન થયેલ છે. તેમનો ડિપ્લોમા નંબર ૧૦૧૪૪૮ છે. તેઓશ્રી અમદાવાદ લોજના કપલ મેમ્બર (સુશ્રી હંસાબેન) હતા. અમદાવાદ તથા ગુજ. થિયો. ફેડ.ના સૌ સભ્યો ઊંડા શોકની લાગણી અનુભવે છે. પરમકૃપાળુ પરમાત્મા દિવંગતના આત્માને સદગતિ અર્પે તથા સૌ કુટુંબજીનોને આઘાત સહન કરવાની શક્તિ આપે એજ પ્રાર્થના !

અમદાવાદ લોજના સભ્યશ્રી બાલમુકુંદ ગોવિંદલાલ શાહ (ડિપ્લોમા નં. ૯૯૯૨૬)નું તા. ૧૩.૨.૨૦૨૧ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. અમદાવાદ લોજ તથા ગુજ. થિયો. ફેડ.ના સૌ સભ્યો ઊંડા શોકની લાગણી અનુભવે છે. સદ્ગતના આત્માને પરમકૃપાળુ પરમાત્મા શાંતિ અને સદ્ગતિ અર્પે તથા સૌ કુટુંબીજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ અર્પે એ જ પ્રાર્થના !

**સ્વ. ચંદ્રિકાબેન વિજયકુમાર ભટ્ટના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી વિજયકુમાર જગદીશચંદ્ર ભટ્ટ, ગાંધીનગર લોજ**

# 2021 आ नो भद्राः कृतवो यन्तु विश्वतः (ऋगवेद १-८९-१) 2021
## દરેક દિશાઓથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ.

**JANUARY**

| Su | Mo | Tu | We | Th | Fr | Sa |
|---|---|---|---|---|---|---|
| | | | | | 1 | 2 |
| 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 |
| 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 |
| 24 | 25 | 26 | 27 | 28 | 29 | 30 |
| 31 | | | | | | |

**FEBRUARY**

| Su | Mo | Tu | We | Th | Fr | Sa |
|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 |
| 28 | | | | | | |

**MARCH**

| Su | Mo | Tu | We | Th | Fr | Sa |
|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 |
| 28 | 29 | 30 | 31 | | | |

**APRIL**

| Su | Mo | Tu | We | Th | Fr | Sa |
|---|---|---|---|---|---|---|
| | | | | 1 | 2 | 3 |
| 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| 18 | 19 | 20 | 21 | 22 | 23 | 24 |
| 25 | 26 | 27 | 28 | 29 | 30 | |

सेवा को कर्तव्य समजे, उपकार नहीं ।  ज्यादे दुःखी को देखने से अपना दुःख कम लगता है ।

**MAY**

| Su | Mo | Tu | We | Th | Fr | Sa |
|---|---|---|---|---|---|---|
| | | | | | | 1 |
| 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 |
| 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 |
| 23 | 24 | 25 | 26 | 27 | 28 | 29 |
| 30 | 31 | | | | | |

**JUNE**

| Su | Mo | Tu | We | Th | Fr | Sa |
|---|---|---|---|---|---|---|
| | | 1 | 2 | 3 | 4 | 5 |
| 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| 13 | 14 | 15 | 16 | 17 | 18 | 19 |
| 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 |
| 27 | 28 | 29 | 30 | | | |

**JULY**

| Su | Mo | Tu | We | Th | Fr | Sa |
|---|---|---|---|---|---|---|
| | | | | 1 | 2 | 3 |
| 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| 11 | 12 | 13 | 14 | 15 | 16 | 17 |
| 18 | 19 | 20 | 21 | 22 | 23 | 24 |
| 25 | 26 | 27 | 28 | 29 | 30 | 31 |

**AUGUST**

| Su | Mo | Tu | We | Th | Fr | Sa |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
| 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 |
| 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 |
| 22 | 23 | 24 | 25 | 26 | 27 | 28 |
| 29 | 30 | 31 | | | | |

सुख में सबको सहभागी बनायें, दुःख में सब का सहभागी बनें ।  आनंद का महामंत्र है "LET GO" ।

**SEPTEMBER**

| Su | Mo | Tu | We | Th | Fr | Sa |
|---|---|---|---|---|---|---|
| | | | 1 | 2 | 3 | 4 |
| 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 |
| 19 | 20 | 21 | 22 | 23 | 24 | 25 |
| 26 | 27 | 28 | 29 | 30 | | |

**OCTOBER**

| Su | Mo | Tu | We | Th | Fr | Sa |
|---|---|---|---|---|---|---|
| | | | | | 1 | 2 |
| 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 |
| 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 |
| 24 | 25 | 26 | 27 | 28 | 29 | 30 |
| 31 | | | | | | |

**NOVEMBER**

| Su | Mo | Tu | We | Th | Fr | Sa |
|---|---|---|---|---|---|---|
| | 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 |
| 21 | 22 | 23 | 24 | 25 | 26 | 27 |
| 28 | 29 | 30 | | | | |

**DECEMBER**

| Su | Mo | Tu | We | Th | Fr | Sa |
|---|---|---|---|---|---|---|
| | | | 1 | 2 | 3 | 4 |
| 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 |
| 12 | 13 | 14 | 15 | 16 | 17 | 18 |
| 19 | 20 | 21 | 22 | 23 | 24 | 25 |
| 26 | 27 | 28 | 29 | 30 | 31 | |

ॐ ABHAR

भला बनो, भला करो. श्री अन्य को उपयोगी बनो.

**आभार**

(जनसेवा संस्था) स्थापना दि. 23-7-1998

ઘસાઈને ઉજળા થઈએ.

भारत सोसायटी,
सिहोर-364240
जि. भावनगर (गुजरात-भावनगर)
M. 9825885988

સત્કાર્યો કરવા.
સત્કાર્યમાં સાથ આપવો.
સત્કાર્યમાં કોઈપણ સંજોગોમાં
અવરોધરૂપ બનવું નહીં.

## :: આભારના કેટલાક સેવાકાર્યો ::

* જીવન ઉપયોગી સાહિત્ય પ્રકાશન * વિદ્યાર્થી વિકાસ/સહાય પ્રવૃત્તિઓ * પારિવારિક/ધાર્મિક/આધ્યાત્મિક સામયિકો/પુસ્તકોમાં ૨૦ થી ૫૦ ટકા આભાર વળતર (ગ્રાહક બચત) * આભાર ઔષધ ઉપવન. * દર્દીઓ / જરૂરતમંદ જનતાની સેવા. * પ્રકાશ પુસ્તકાલય / વાંચનાલય. આભાર અભ્યાસ કેન્દ્ર. * દિશા : મુંજવણમાં માર્ગદર્શન. મધુરવાણી : ભક્તિ / પ્રેરક ગીત, સંગીત પ્રસાર. * સુદર્શન : પ્રેરક, ધાર્મિક, આધ્યાત્મિક, વિડીયો શો. * રચનાત્મક પ્રવૃત્તિઓ/ કુદરતી આફત સહાય પ્રવૃત્તિઓમાં યોગદાન. સ્વૈચ્છિક તથા શકિત-સહયોગની મર્યાદામાં યથા શક્તિ સમાજ ઉપયોગી વિવિધ સેવાકાર્યો.

## ગુજરાત રાજ્યમાં બેન્ક રજાઓ - ૨૦૨૧

૧૪-૧ ગુરૂ : મકર સંક્રાંતિ ૨૬-૧ મંગળ : પ્રજાસતાકસતાક દિન ૧૧-૩ ગુરૂ : મહા શિવરાત્રી ૨૯-૩ સોમ : હોળી બીજો દિવસ (ધૂળેટી) ૧-૪ ગુરૂ : બેન્કનો વાર્ષિક હિસાબ દિન ૧૪-૪ બુધ : બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ ૨૧-૪ બુધ : શ્રી રામ નવમી ૧૪-૫ શુક્ર : (૧) શ્રી પરશુરામ જયંતિ (૨) રમજાન ઇદ ૨૧-૬ બુધ : બકરી ઇદ ૧૯-૮ ગુરૂ : મોહરમ ૩૦-૮ સોમ : જન્માષ્ટમી ૧૦-૯ શુક્ર : સંવત્સરી ૨-૧૦ શનિ : મહાત્મા ગાંધીનો જન્મદિન ૧૫-૧૦ શુક્ર : દશેરા ૧૯-૧૦ મંગળ : ઇદ-એ-મિલાદ-ઉન્બી ૪-૧૧ ગુરૂ : દિવાળી ૫-૧૧ શુક્ર : નૂતન વર્ષ દિન (બેસતુ વર્ષ)

**આભારના સંચાલન/સેવાકાર્યોમાં આવશ્યકતા અનુસાર વિના ઉપકારભાવે નિઃસ્વાર્થ સહયોગ યથાશક્તિ-યથામતિ તન,મન,ધનથી આપો-અપાવો, સહયોગ તથા સહયોગીની પ્રશંસા કે પ્રસિદ્ધિ થતી નથી પણ ઋણ સ્વીકાર અવશ્ય થાય છે.**

"આપણે એવા જ માણસો જોઈએ છે, જે માણસ કહેવડાવવા લાયક હોય, જેનો પહેલો સવાલ એ નહીં હોય કે 'દાખલ થવાથી મને શું સારું મળશે?' પણ 'મારા જોડાવાથી હું શું સારું કરી શકીશ?' એ હશે — કર્નલ હેન્રી સ્ટીલ ઓલ્કોટ (H.S.O.)

**સૌજન્ય : ગૌતમ લોજ (T.S.) સિહોર**

# શાખા સમાચાર

### ઈ–મીટીંગ્સ

● **રોહિત લોજ, અમદાવાદ :- રોહિત લોજ દ્વારા દર શનિવારે સાંજે ૬ થી ૭ દરમિયાન આયોજીત ઈ–મીટીંગ્સ :**

જાન્યુઆરી ૩૦મીએ 'નવધા ભક્તિ' વિષે રોહિત લોજના પ્રમુખ સુશ્રી વર્ષાબેન પટેલ તથા ફેબ્રુઆરીની છઠ્ઠીએ 'જે. કૃષ્ણમૂર્તિની રોજનીશી ૧૯૭૩' વિષે શ્રી હર્ષવદન શેઠે પ્રવચન કર્યું. ૧૩મીએ 'અડ્યાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી. જેમાં 'અડ્યાર દિવસનું મહત્ત્વ' વિશે શ્રી શિખર અગ્નિહોત્રી, 'જીઓર્ડાનો બ્રુનોને શ્રદ્ધાંજલિ' વિષે સુશ્રી કેટેલીના અગ્નિહોત્રી, 'કર્નલ ઓલ્કોટને શ્રદ્ધાંજલિ' વિષે સુશ્રી સ્વાતિ રેડ્ડી, 'જે. કૃષ્ણમૂર્તિ' વિષે સુશ્રી સ્વસ્તિક શીખા મહાપાત્રા અને 'સી. ડબ્લ્યુ. લેડબીટર' વિષે સુશ્રી વર્ષા પટેલે પ્રવચનો કર્યા. કાર્યક્રમનું સંચાલન શ્રી ધવલ શેઠે કર્યું. કાર્યક્રમની શરૂઆતમાં 'અડ્યાર ડે' અંગેની શુભેચ્છાઓ કેશ્વરબેન દ્વારા આપવામાં આવી. કાર્યક્રમના અંતે 'સમાપન' શ્રી હર્ષવદન શેઠે કર્યું. ૩૭ જેટલાં ભારતભરનાં સભ્યોએ ભાગ લીધો. ૨૦મી ફેબ્રુઆરીએ 'નારદભક્તિ સૂત્ર' વિષે શ્રી રમેશભાઈ ડોલીઆએ પોતાની પ્રવચન માળાની શ્રેણીમાં આગળ પ્રવચન કર્યું. ૨૭મીએ ઇન્ડિયન સેક્ષન વારાણસીના રાષ્ટ્રીય વ્યાખ્યાતા શ્રી પ્રદીપભાઈ મહાપાત્રે 'હીડન રોલ ઓફ માસ્ટર્સ ફોર ધ થિયો. સોસા.' (થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના પાછળ ગુરુદેવોનો ગુપ્ત ફાળો) વિષે અંગ્રેજીમાં પ્રવચન કર્યું.

● **રેવા લોજ, વડોદરા : રેવા લોજ દ્વારા દર રવિવારે સવારે ૯.૩૦ થી ૧૦.૧૫ દરમિયાન આયોજીત ઈ-મીટીંગ્સ :**

જાન્યુઆરીની ૩૧મીએ 'અથર્વશીર ઉપનિષદમાં ૐકાર' વિષે શ્રી નીખીલભાઈ દેસાઈ તથા ફેબ્રુઆરીની ૭મીએ 'પોઝીટીવીટીનો પ્રભાવ' વિષે સુશ્રી રાજેશ્વરીબેન દવેએ પ્રવચનો કર્યા. ૨૧મીએ 'પથ પર પ્રકાશ' વિષે શ્રી હર્ષદભાઈ દવે તથા ૨૮મીએ 'અસ્તીત્વવાદ' વિષે ડૉ. કિરણ શિંગલોતે પોતાની પ્રવચન શ્રેણીમાં આગળ ઉપર પ્રવચનો કર્યા.

● **અમદાવાદ લોજ, અમદાવાદ :** ફેબ્રુઆરી દરમિયાન લોજના મકાનમાં સાંજે ૫ થી ૬ દરમિયાન પ્રત્યક્ષ રીતે પ્રવચનો યોજાયાં. જેમાં ત્રીજીએ 'સાધન ચતુષ્ટય—યોગજીવન' વિષે ડો. વર્ષા પટેલ, ૧૦મીએ 'શેક્સપિયરની નાટ્યકથા' વિષે શ્રી કનુભાઈ સુથાર, ૧૭મીએ 'જે. કૃષ્ણમૂર્તિ અને કબીર' વિષે શ્રી હર્ષવદન શેઠ તથા 'અડ્યાર ડે' નિમિત્તે 'અડ્યારનાં સંસ્મરણો' વિષે પ્રાસંગિક રજૂઆત તથા ૨૪મીએ 'નારદભક્તિ સૂત્ર' વિષે શ્રી રમેશભાઈ ડોલીઆએ પ્રવચનો આપ્યાં.

● **મુંબઈ ફેડરેશનના** ઉપક્રમે દર બુધવારે સાંજે ૬.૩૦ થી ૭.૩૦ દરમિયાન મુંબઈ ફેડરેશનના પ્રમુખશ્રી વિનાયકભાઈ પંડ્યા જે. કૃષ્ણમૂર્તિની પુસ્તિકા 'સેવાભાવે શિક્ષણ'નું વાંચન કરે છે. મુંબઈ ફેડ.ના ભૂતપૂર્વ પ્રમુખ ડો. અજયભાઈ હોરાની સાથે મુંબઈ તથા ગુજ. ફેડરેશનના સભ્યો 'વાંચન વિષયવસ્તુ'ની ચર્ચામાં જોડાય છે. ખૂબ જ રસપ્રદ ચર્ચા થાય છે.

- **ગૌતમ લોજ, સિહોર :** ગૌતમ લોજ તથા આભાર (જનસેવા સંસ્થા) સિહોરના સંયુક્ત ઉપક્રમે જાન્યુઆરીની બાવીસમીએ શુક્રવારે સાંજે 'રસરંજન' કાર્યક્રમમાં સુદર્શન વિડિયો શોમાં થિયોસોફિકલ સોસાયટી તથા થિયોસોફીની માહિતીસભર ક્લિપ્સ દર્શાવવામાં આવી. ૨૩મીએ થિયોસોફી તેમજ અધ્યાત્મના જ્ઞાતા, ભાવનગર લોજના સભ્ય, ભૂતપૂર્વ ફેડ. પ્રમુખ તથા ભૂતપૂર્વ રાષ્ટ્રીય વ્યાખ્યાતા એવા અતિથિ વિશેષ શ્રી મનસુખભાઈ બી. રાજ્યગુરુએ થિયોસોફી તેમજ થિયો. સોસા. ઈત્યાદિ વિષયો પર મનનીય પ્રવચન આપેલ. ગૌતમ લોજના પ્રમુખ શ્રી દુર્ગાશંકર મહેતા તથા શ્રી સુરેશભાઈ ભટ્ટ, શ્રી ગંગારામ પંડ્યા, હરદત્તભાઈ રાજ્યગુરુ, શ્રી હર્ષદભાઈ મુંજપરાએ પ્રાસંગિક પ્રવચનો કરેલાં. શ્રી તુલસીભાઈ કેજરીયાએ આધ્યાત્મિક પ્રશ્નનું સમાધાન મેળવેલ.
- **સનાતન લોજ, સુરત :- (મીટીંગનો સમય સાંજે ૫ થી ૬ દરમિયાન)**

ફેબ્રુઆરી દરમિયાન ૩જીએ 'કર્નલ ઓલ્કોટનું જીવન અને કાર્ય' વિષે શ્રી ચંદ્રકાન્તભાઈ સરવડા, ૧૦મીએ 'લેડબીટર સાહેબનું જીવન અને કાર્ય' વિષે શ્રી નરસિંહભાઈ ઠાકરિયાં તથા ૧૭મીએ 'અડ્યાર દિન – જે. કૃષ્ણમૂર્તિનું જીવન અને કાર્ય વિષે શ્રી ઉદયભાઈ પાકાવાલાએ પ્રવચનો કર્યા. ૨૪મીએ ફેબ્રુઆરીએ સુશ્રી પ્રતિભાબેન પારેખે ભારત સમાજ પૂજા કરાવી.

માર્ચ-૨૦૨૧ થી 'થિયોસોફિક જ્યોતિ' દ્વારા આપણે આપણા સભ્યોને **"જન્મદિનની શુભેચ્છા" 'સૌજન્ય'** દ્વારા જે-તે મહિનામાં પ્રકાશિત કરીને શુભેચ્છા પાઠવીએ છીએ.
**રૂા. ૫૧/-** (ઓછામાં ઓછા... વધુ રકમ સ્વેચ્છાએ...) **'GTF Jyoti Prakashan Fund'**માં જમા કરાવ્યાથી આ પ્રકારની **'શુભેચ્છા'** વ્યક્ત કરતાં રહીશું.

## માર્ચ-૨૦૨૧ દરમિયાન જન્મદિનની શુભેચ્છાઓ...

**૬ માર્ચ : શ્રી દીર્ગ જીતેશકુમાર મોદી**

**સૌજન્ય :** સુશ્રી કોમલ જીતેશ મોદી તથા શ્રી જીતેશ આર. મોદી (રોહિત લોજ)

**૧૦ માર્ચ : કુ. માયા એમ. લાલવાણી**

**સૌજન્ય :** સ્વ. એમ. જે. લાલવાણી, સ્વ. આલુબેન લાલવાણી તથા શ્રી મીનુભાઈ લાલવાણી (રોહિત લોજ)

**૧૨ માર્ચ : શ્રીમતી કાશ્મીરા હર્ષવદન શેઠ**

**સૌજન્ય :** શ્રી હર્ષવદન શેઠ તથા શ્રી ધવલ, શ્રીમતી ધ્વની તથા કુ. ખનક શેઠ (રોહિત લોજ)

***ખાસ નોંધ : આગામી મહિનાઓમાં જે કોઈ સભ્ય પોતાના "જન્મદિનની શુભેચ્છા-સૌજન્ય" પ્રકાશિત કરવા ઈચ્છતાં હોય તેઓએ તંત્રીશ્રીનો સંપર્ક કરવો.***


RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017
Registered under Postal Registration No. AHD-C/80/2021/2023 valid upto 31st December-2023 issued by the SSPO'S Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 12th of every month.

**Printed Matter Periodicals** **THEOSOPHIC JYOTI** **March–2021**

**To :**

**If Undelivered Return to : HARSHAVADAN MOHANLAL SHETH**
**9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.**

## આપણો પુસ્તક પ્રેમ...




### અડ્યાર દિન
### ચાર જ્યોતિર્ધરો

*– મૂળ લેખક : હરકિસન શાહ*
*– અનુવાદક : બબાભાઈ પટેલ*

આ પુસ્તિકાની પ્રથમ આવૃત્તિ ભાવનગર લોજ – ધ થિયોસોફિકલ સોસાયટીએ તા. ૧૭.૧૧.૧૯૯૧ ના દિવસે બહાર પાડેલ હતી. તત્કાલીન પુસ્તક પ્રકાશન સમિતિના ચેરમેન સ્વ. હરકિસન ડી. શાહે નવા દાખલ થતાં સભ્યને 'અડ્યાર દિન'ના મહત્ત્વની જાણ થાય, તે અંગેનું માર્ગદર્શન મળે, ચારેય જ્યોતિર્ધરોના જીવનદર્શનની ઝાંખી થાય તેવો આશય સ્પષ્ટ કરેલ છે.

દરેક લોજના દરેક સભ્યને આ પુસ્તક નિઃશુલ્ક આપવામાં આવે છે. બીજી આવૃત્તિ ૨૦૦૩ માં છાપવામાં આવી. દરેક સભ્યે આ પુસ્તકનું વાંચન જરૂરથી કરવું જોઈએ. વારંવાર કરવું જોઈએ અને અન્ય કુટુંબીજનો અને સંબંધીઓને વાંચવાની પ્રેરણા આપતાં રહેવું. વાંચનનો ચમત્કાર જરૂર અનુભવશો !

*પ્રકાશક : શ્રી હર્ષવદન એમ. શેઠ*
*માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧*
*મુદ્રક : નૈષધ પ્રિન્ટર્સ-વિક્રમભાઈ પટેલ નારણપુરા ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૨૭૪૯૧૬૨૭, ૯૮૯૮૫૨૨૦૧૦*

Printed and Published by HARSHAVADAN MOHANLAL SHETH on behalf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Naishadh Printers, Nr. Municipal School, Naranpura Gam, Ahmedabad-380013 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, 9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.
Editor - HARSHAVADAN MOHANLAL SHETH